GJPM020003662025

Presented on : 22-01-2025
Registered on : 22-01-2025
Decided on : 04-06-2026
Duration : 1Y 4M 13D

**આંક –**

---

**પંચમહાલ જિલ્લાના મહે. બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ર્ટ કલાસશ્રીની અદાલતમા, મુકામ : ગોધરા**

---

**::નમુના – અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ક્રિ.કેસ નંબર | ૨૦૨/૨૦૨૫ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબ |
| પ્ર.માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૭૦૨૪૨૪૧૦૩૭/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | એમ. આર. ગોસાઈ |
| આરોપી પક્ષ | અરવિંદભાઈ પોપટભાઈ નાયકા, ઉ.વ. ૨૪, રહે. રાતી દાંતરડી ફળીયુ, સાંપા, ગોધરા, જિ. પંચમહાલ. |
| રજુઆત | એસ. એ. હસન |

**::નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૧૦/૨૦૨૪ |
| પ્ર.બાતમી અહેવાલની તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| ત્હોમતનામાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૭/૦૬/૨૦૨૫ |
| ચુકાદો રાખવા માટેની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(જો લાગુ પડે તો) | – |

Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | અરવિંદભાઇ પોપટભાઇ નાયકા | ૧૨/૧૨/૨૦૨૪ | | બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબ | નીર્દોષ | – | – |

**:: નમુનો – ક ::**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | પ્રકાશકુમાર વિજયભાઇ બારીયા | ફરીયાદી |
| ફ.સ. ૨ | સોનીબેન વિજયભાઇ બારીયા | સાહેદ |
| ફ.સ.૩ | સુરેશભાઇ સુકાભાઇ ગણાવા | પંચસાહેદ |
| ફ.સ.૪ | કમલેશકુમાર રણજીતસિંહ બારીયા | સાહેદ |
| ફ.સ.૫ | સુમીત્રાબેન દલપતભાઇ બારીયા | સાહેદ |

| | | |
|---|---|---|
| ફ.સ.૬ | વિજયસિંહ સોનાભાઇ બારીયા | સાહેદ |
| ફ.સ.૭ | રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણ | ત.ક. અમલદાર |

**ब. બચાવ પક્ષ**

| **અનુ.નં.** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| (૧) | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

**અ. ફરીયાદી**

| **અનુ.નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદ |
| ૨. | ૧૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩. | ૧૭ | સારવાર સર્ટીફીકેટ |
| ૪. | ૧૯ | સુચીપત્ર |

**બ. બચાવ**

| **અનુ.નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| (૧) | – | – |

**D મટીરીયલ ઓબજેકટ**

| **અનુ.નં.** | **મટીરીયલ્સ ઓબજેટક નંબર** | **વર્ણન** |
|---|---|---|
| (૧) | – | – |

**–: ચુકાદો : –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના સાહેદની મો.સા. નંબર GJ 17 BD 8683 ને આ કામના આરોપીએ પોતાના કબ્જાની મો. સા. નંબર GJ 20 AN 2657 ના પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી સાહેદ વિજયભાઇ સોનાભાઇ બારીયાનાઓની મો.સા. ને સામેથી અથડાવી એકસીડન્ટ કરતા સાહેદ રોડ ઉપર ફંગોળાય જતા સાહેદને જમણા પગે ઢીંચણથી

નીચેના ભાગે તેમજ પગની ત્રણ આંગળીઓએ ફ્રેકચર કરી ઈજાઓ પહોંચાડી બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબનો ગુન્હો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદના આધારે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરતા આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમા હાજર થયેલા છે, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે, તેઓની વિરૂદ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પુરતો સમય આપવામા આવેલ છે. ત્યારબાદ આંક – ૫ થી ત્હોમતનામુ ફરમાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા આરોપીએ આંક –૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે જેમા આરોપીઓએ તેની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામા આવ્યો.

(૩) ફરીયાદપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા મૌખીક રીતે પુરાવા પુરા થયાની જાણ કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓએ બી.એન.એસ.એસ. ની કલમ ૩૫૧ મુજબ વિશેષ નિવેદનમા તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, તેઓને બચાવના સાહેદો તપાસવા નથી તેમજ વિશેષમા તેઓએ જણાવેલ છે કે આરોપીઓ નિર્દોષ છે કહેવાતો ગુનો તેઓએ કરે નથી પાછળથી

તેઓની ધરપકડ કરેલ છે આ ગુનામા ખોટી રીતે સંડોવવામા આવેલા છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઇ આરોપીને મહત્તમ સજા કરવા જણાવેલ છે.

જયારે આ કામે બચાવપક્ષે તેમના વિ.વ.શ્રી જણાવે છે કે, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખીક દલીલ કરેલ છે.

**બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૩(૧)(બી) પોઇન્ટ ફોર ડિટેરમીનેશન :**

(૫) આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો લક્ષમા લેતા, આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::મુદ્દા::**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના સાહેદની મો.સા. નંબર GJ 17 BD 8683 ને આ કામના આરોપીએ પોતાના કબ્જાની મો. સા. નંબર GJ 20 AN 2657 ના પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી સાહેદ વિજયભાઇ સોનાભાઇ બારીયાનાઓની મો.સા. ને સામેથી અથડાવી એકસીડન્ટ કરતા સાહેદ રોડ ઉપર ફંગોળાય જતા સાહેદને જમણા પગે ઢીંચણથી

નીચેના ભાગે તેમજ પગની ત્રણ આંગળીઓએ ફ્રેકચર કરી ઈજાઓ પહોંચાડી બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે :

મુદ્દા નં. ૧ : નકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ

**-//કા ર ણો //-**

**<u>મુદ્દા નં. ૧ :</u>**

(૭) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક - ૦૮ થી ફરીયાદી પ્રકાશભાઇ વિજયભાઇ બારીયાના પુરાવા મુજબ સદર તા.૭/૧૦/૨૪ ના રોજ સાજના છ વાગ્યે હંકુથાંભલા ગામે રાવજી પટેલ ના ખેતર સામે હાઈવે રોડ પર બનાવ બનેલો, બનાવ સમયે તેઓ કંકુથાંભલા બાયપાસ ચોકડી પર હતા, તેઓ જે જગ્યાએ હાજર હતા ત્યાંથી એક કીમી દુર બનાવ બનેલો. બનાવ ની જાણ તેઓના મોટાભાઇ ભરતભાઈનાઓ એ કરી હતી, બનાવના દીવસે તેમના પીતા તેઓના જીજાજીનું બાઈક લઈ કકુથાંભલ બાયપાસ ચોકડી પરથી શાકભાજી લઈ ઘરે પરત આવતા હતા, બનાવમા તેમના પીતાની બાઈક તથા સામે થી આવતી એચ.એફ. ડીલક્ષ બાઈક વચ્ચે અકરમાત થયેલો. બનાવ ની જાણ થતા તેઓ બનાવ ના સ્થળે પહોંચેલા. સ્થળ પર તેમણે જોયેલ તો તેમના

પીતાજી રોડની સાઈડ પર બેભાન અવસ્થામાં પડેલા હતા. તેમના પીતા પાસે જે બાઈક હતુ તેનો નંબર જી.જે. ૧૭ એડી ૮૬૮૩ નો હતો. તથા તેમના પીતાની બાઈકને અકસ્માત કરનાર બાઈક પણ સ્થળ પર પડેલો હતો. જે તેમણે જોયુ હતુ. જે નો નંબર જી.જે. ૨૦ એ.એન.૨૬૫૭ નો હતો. બાઈક ચાલક સ્થળ પર હતો કે કેમ તેની તેમને ખબર નથી. ત્યાર બાદ તેઓ એ ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ મારફતે તેમના પીતાને શ્રી ઓર્થો પેડીક હોસ્પીટલ દવા સારવાર સારુ લઈ ગયા હતા. તેમના પિતાને જમણા પગે ઢીચણથી નીચે અને ત્રણ આંગળી એ ફ્રેકચર થયેલ હતુ. તેમના પીતાને શ્રી ઓર્થો પેડીક હોસ્પીટલ મા આશરે સાતેક દીવસ અંદર ના દર્દી તરીકે દાખલ રાખેલા. તેઓને બાઈક ચાલક અંગે કોઈ માહીતી મળી ન હતી. બનાવ ની ફરીયાદ તેઓએ ગો.તા.પોલીસસ્ટેશને આપી હતી. અકસ્માત ના ત્રણ ચાર દીવસ બાદ તેઓએ ફરીયાદ આપી હતી. તેમને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં તેમની સહી છે, જે તેઓ ઓળખે છે, અકસ્માત તેમણે રુબરુ જોયેલ ન હોઈ આરોપીને તેઓ ઓળખી શકે નહી. બનાવ અંગે તેમના પીતા ભાનમા આવ્યા બાદ તેઓને પુછતા તેઓએ જણાવેલ કે સામેથી આવતા એચ.એફ.ડીલક્ષ બાઇકના ચાલક પોતાની બાઇક પુરઝડપે લાવતા અકસ્માત થયો હતો.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો તે સમયે તેઓ કંકુ થાંભલા ચોકડી પર હતા,

અકસ્માતની જાણ તેમને વાતો વાતથી થઇ હતી, તેમણે જાતે અકસ્માત જોયેલ નથી.

(૭.૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૧ થી સાહેદ સોનીબેન વિજયભાઈ બારીયા ના પુરાવા મુજબ આજથી આશરે છ એક માસ પહેલા સાંજના સમયે તેમના પતી વીજયભાઈનાઓ બાયપાસ ચોકડી પર શાકભાજી લેવા ગયા હતા અને વળતા ઘરે આવતા સમયે રાવજી પટેલ ના ખેતર સામે અકસ્માત થયેલો. તેઓને સાંપા રોડ તરફથી આવતા બાઈક સાથે અકરમાત થયેલો. બનાવ સમયે તેણી તેમના ઘરે હતી. બનાવ સ્થળે થી તેમનુ ઘર નજીક છે અને બનાવ સ્થળ તેમના ઘરેથી નજરે જોઈ શકાય તેટલુ દુર હતુ. બનાવવાળી જગ્યાએ માણસો નુ ટોળુ થતા તેઓ ત્યા ગયા હતા. ત્યા જઈ જોયેલ તો તેમના પતિ રોડ પર પડેલા હતા. તેમના પતીને જમણો પગ ઢીચણથી નીચેના ભાગે ભાગી જુદો થઈ ગયો હતો. બીજે ત્રણ આંગળી એ ફ્રેકચર થયેલ. ત્યાર બાદ તેમના પતિને ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ મારફતે દવાખાને લાવેલા દવાખાનુ નામ મને યાદ નથી. તેમને દવાખાને લગભગ ચાર દીવસ રાખેલા. બનાવ ના સ્થળે મે અકસ્માત કરનાર બાઈક જોયેલ પણ હાલમા તેમને યાદ નથી. બનાવ ની ફરીયાદ તેમના દીકરા પ્રકાશે આપી હતી.બનાવ સંદર્ભે પોલીસે તેમનુ નીવેદન લીધુ હતુ. બનાવ અંગે તેમના પતી સાથે તેઓની કોઈ ખાસ વાતચીત થઈ ન હતી. અકસ્માત કરનાર બાઈક ચાલક સાંપા ગામનો ભાઈ હતો.

બનાવ તેમને નજરે જોયેલ ન હોઈ અકસ્માત કરનાર ચાલક આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે કે કેમ તે કહી શકે નહી.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો તે સમયે તેઓ તેમના ઘરે હતા, અકસ્માતની જાણ તેમને વાતો વાતથી થઇ હતી, તેમણે જાતે અકસ્માત જોયેલ નથી.

(૭.૨) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૦ થી પંચસાહેદ સુરેશભાઇ સુકાભાઇ ગણાવાના પુરાવા મુજબ તેમના પાડોશી કાકા વિજયભાઇને દસમા માસમા સાંજના સમયે સાંપા રોડ પર રાવજી પટેલ ના ખેતર સામે અકસ્માત થયેલો, બનાવ સમયે તેઓ તેમના ગામમા હતા, બનાવની જાણ તેમના દિકરા દલપતભાઇનાઓ દ્વારા ફોનથી થયેલી, બનાવની જાણ થતા તેઓ શ્રી ઓર્થો પેડીક હોસ્પીટલના ડોકટરશ્રી નીરવ પટેલના ત્યા આવેલો, તેઓ આવ્યા ત્યારે વિજયભાઇનુ ઓપરેશન થઇ ગયુ હતુ, તેમને જમણા પગે ઢીંચણથી નીચેના ભાગે તથા પગની આંગળીઓમા ફ્રેકચર થયેલુ, બનાવ બાદ પોલીસ ફરીયાદ થતા પોલીસે તેઓને પંચમા રહેવા બોલાવતા તેઓ ગયેલા અકસ્માત કરનાર વાહનના ચાલકને તેઓ ઓળખતા નથી.

સાહેદ ફરીયાદપક્ષના કેસના સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૫૪ મુજબ વિ. એ. પી. પી. શ્રી સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા સાહેદ ને ફરી ગયેલા

જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા મૌખીક પરવાનગી માંગતા સુચક સવાલો પુછવા પરવાનગી આપવામા આવે છે.

(૭.૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૩ થી સાહેદ કમલેશકુમાર રણજીતસિંહ બારીયાપુરાવા મુજબ સાત આઠ માસ પહેલા સાંજના સમયે છ વાગે તેઓ તેમના ઘરે કંકુથાંભલા હતો. તેમનુ ઘર રોડ નજીક આવેલ હોય બહાર અવાજ થતા તેમને ઘરમા જાણ થઈ હતી અને તેઓ બહાર આવેલ. બહાર આવી તેમણે જોયેલ તો તેમના ઘરની સામે અને રાવજી પટેલ ના ફાર્મ સામે અકસ્માત થયેલો હતો. અકસ્માતમા બે બાઈકો અથડાઈ હતી. તેઓએ જોયેલ તો એક બાઈક ગોધરા થી આવતી હતી અને બીજી બાઈક સાપા રોડ પર થી આવતી હતી. બાઈકના નંબર હાલમા મને યાદ નથી. જેમા થી એક બાઈક ચાલક તેમના ઘર થી બે ખેતર દુર જેઓનુ ઘર આવેલ છે તે વીજયભાઈ ના ઓ હતા અને બીજા બાઈક ચાલકને તેમણે બનાવ ના સ્થળે જોયેલ પણ તેમને તેઓ ઓળખતા નથી. તેઓ પહોચ્યા તે પહેલા કોઈએ ૧૦૮ ને ફોન કરેલ. બનાવ ના સ્થળે તેમણે જોયેલ તો વીજયભાઈ બેભાન હતા અને તેઓને એક પગ ભાંગેલ હતો. તથા પગના પંજામા પણ ઈજા હતી અને તેમનો પગ ઢીંચણથી નીચે ભાગેલ હતો અને રોડની સાઈડે પડેલા હતા. ત્યાર બાદ તેઓ ઘરે આવેલા અને પર્સ લઈ ૧૦૮ આવતા વીજય સાથે શ્રી ઓર્થોપેડીક હોસ્પીટલ ગોધરા લઈ ગયા હતા. બનાવની ફરીયાદ કોણે આપી હતી તેની તેમને ખબર નથી. વીજયભાઈને એડમીટ કર્યા બાદ બીજા દીવસે વીજયભાઈનુ ઓપરેશન કરાવવાનુ ડોકટરે જણાવેલ

અને વીજયભાઈના જરૂરી લોહી રીપોર્ટ કરવામા આવેલા. બીલ ચુકવી તેઓ ત્યાથી નીકળી ગયા હતા.

સાહેદ ફરીયાદપક્ષના કેસના સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૫૪ મુજબ વિ. એ. પી. પી. શ્રી સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા સાહેદ ને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા મૌખીક પરવાનગી માંગતા સુચક સવાલો પુછવા પરવાનગી આપવામા આવે છે.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી, પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલ હોય, તેવુ બનેલ નથી.

(૭.૪) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૪ થી સાહેદ સુમીત્રાબેન દલપતભાઈના પુરાવા મુજબ આશરે છ એક માસ પહેલા સાંજના સમયે તેમના સસરા વીજયભાઈનાઓ બાથપાસ ચોકડી પર શાકભાજી લેવા ગયા હતા અને વળતા ઘરે આવતા સમયે રાવજી પટેલ ના ખેતર સામે અકસ્માત થયેલો. તેઓને સાંપા રોડ તરફથી આવતા બાઈક સાથે અકરમાત થયેલો. બનાવ સમયે તેણી તેમના ઘરે હતી. બનાવ સ્થળે થી તેમનુ ઘર નજીક છે અને બનાવ સ્થળ તેમના ઘરેથી નજરે જોઈ શકાય તેટલુદુર હતુ. બનાવવાળી જગ્યાએ માણસો નુ ટોળુ થતા તેઓ ત્યા ગયા હતા. ત્યા જઈ જોયેલ તો તેમના સસરા રોડ પર પડેલા હતા. તેમના સસરાને જમણો પગ ઢીચણથી નીચેના ભાગે ભાગી જુદો થઈ ગયો હતો. બીજે ત્રણ આંગળી એ ફેકચર થયેલ. ત્યાર બાદ તેમના

સસરાને ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ મારફતે દવાખાને લાવેલા દવાખાનુ નામ તેમને યાદ નથી. તેમને દવાખાને લગભગ ચાર દીવસ રાખેલા. બનાવ ના સ્થળે તેમને અકસ્માત કરનાર બાઈક જોયેલ પણ હાલમા તેમને યાદ નથી. બનાવ ની ફરીયાદ તેમના પતિ પ્રકાશે આપી હતી.બનાવ સંદર્ભે પોલીસે તેમનુ નીવેદન લીધુ હતુ. બનાવ અંગે તેમના સસરા સાથે તેઓની કોઈ ખાસ વાતચીત થઈ ન હતી. અકસ્માત કરનાર બાઈક ચાલક સાંપા ગામનો ભાઈ હતો. બનાવ તેમને નજરે જોયેલ ન હોઈ અકસ્માત કરનાર ચાલક આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે કે કેમ તે કહી શકે નહી.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો તે સમયે તેઓ ઘરે હતા, અકસ્માતની જાણ તેમને વાતો વાતોથી થઇ હતી, તેમણે અકસ્માત જોયેલ નથી.

(૭.૫) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૫ થી સાહેદ વિજયસિંહ સોનાભાઈ બારીયા ના પુરાવા મુજબ આશરે એક વરસ પહેલા નવરાવીના તહેવારમા સાંજના સમય બનેલો. બનાવ સમયે તેઓ બાયપાસ ચોકડી પર શાકભાજી લેવા ગયા હતા અને વળતા ઘરે આવતા સમયે રાવજી પટેલ ના ખેતર પાસે આવતા એક મોટર સાયકલ સામે થી આવેલી અને તેમને ટકકર મારેલી અને જેના કારણે તેઓ નીચે પડી ગયો હતો અને તેમને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અને અકસ્માત થતા આજુબાજુમાંથી ટોળુ ભેગુ થઈ ગયુ હતુ. અને તેમનુ ઘર નજીક હોવાથી તેમના પત્ની આવી ગયા હતા.અને તેઓને જમણો પગ

ઢીંચણથી નીચેના ભાગે ભાગી જુદો થઈ ગયો હતો. બીજે ત્રણ આંગળી એ ફેકચર થયેલ. ત્યાર બાદ તેઓને ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ મારફતે તેમને પ્રાઈવેટ દવાખાને લાવેલા તેમને દવાખાને લગભગ ચાર દીવસ રાખેલા. અને તેઓને પગમા ઓપરેશન કરી પ્લેટ નાખી હતી. અકસ્માત કરનાર મોટર સાયકલ નો નંબર ૨૬૫૭ છે પણ તેઓને આખી સીરીઝ યાદ નથી તેમજ અકસ્માત કરનાર મોટર સાયકલ નો ચાલક અકસ્માત ત્યાથી નાસી ગયેલ હોવાથી અમો તેઓને ઓળખી શકીએ નહી. બનાવની ફરીયાદ તેમના દીકરા પ્રકાશભાઈએ આપી હતી. બનાવ સંદર્ભે પોલીસે તેમનુ નીવેદન લીધુ હતુ.

સાહેદ ફરીયાદપક્ષના કેસના સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૫૪ મુજબ વિ. એ. પી. પી. શ્રી સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા સાહેદ ને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા મૌખીક પરવાનગી માંગતા સુચક સવાલો પુછવા પરવાનગી આપવામા આવે છે.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થવાથી તેઓ બેભાન થઇ ગયેલા અને બેભાન હોવાથી તેમને કોઇ જાત માહિતી નથી.

(૭.૫) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૮ થી ત.ક.અમલદાર રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણના પુરાવા મુજબ ગઈ તારીખ ૧૪/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન મા એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા તે

દરમ્યાન પો.સ્ટે. અમલદાર રૂબરૂ ગો.તા.પો.સ્ટે. ગુના રજી.નં. ૧૦૩૭/૨૦૨૪ બીએનએસ ની કલમ ૨૮૧, ૧૨૫ એ અને બી તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭,૩,૧૮૪ તથા ૧૮૭ મુજબ નોગુન્હો રજીસ્ટર થતા પો.સ્ટે. નાઓએ સદર ગુન્હાની વધુ તપાસ અમોને સોંપેલ. જે સુચીપત્ર આપવામાં આવે છે. ત્યારબાદ ફરીયાદ હકીકત થી વાકેફ થઈ ગુન્હા વાળી જગ્યાએ જઈ પંચો રુબરુ ગુન્હા વાળી જગ્યાનુ પંચનામુ કરેલ. તેમજ ગુન્હા સબબ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લખાવ્યા મુજબ લખી લીધેલા. ત્યારબાદ ગુન્હા મા સંડોવાયેલ વાહન નંબર જીજે૨૦ એએન ૨૬૫૭ ના ચાલકની તપાસ કરવા માટે ઇ-ગુજકોપ માં નંબર સર્ચ કરતા વાહન માલીક તરીકે અરવિંદભાઈ પોપટભાઈ નાયકા, રહે. સેગવા,તા.ગોધરા નાઓનુ નામ આવતા તેઓને અમોએ નોટીસ મોકલી આપેલ.જેથી તેઓ પોલીસ સ્ટેશન મા હાજર થયેલા અને બનાવ અંગેની પુછપરછ કરતા ગુન્હા મા તેઓ સંડોવાયેલા હોવાનુ જણાતા તેની કાયદેસરની ધરપકડ કરેલી. તેમજ તેની પાસેથી મોટર સાઇકલ ના તમામ પુરાવા મેળવી ગુન્હા ના કામે સાથે રાખી તેમજ અરવિંદભાઈ પોપટભાઈ નાયકા પાસે ડ્રાઈવીંગ લાઇસન્સ ન હોવાથી તે અંગેનો નામદાર કોર્ટમા રીપોર્ટ કરી કલમ ઉમેરો કરાવેલ અને આરોપી ની ધરપકડની કાર્યવાહી પુરી થતા આરોપીએ પો સ્ટે ખાતેથી જામીન રજુ કરતા પો.સ્ટે થી જામીન મુક્ત કરેલ તેમજ સદર અકસ્માત મા ઇજા પામનાર સાહેદનુ એમ.એલ.સી. પ્રમાણપત્ર મેળવી ગુન્હા ના કામે સામેલ રાખેલ. આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાઇ આવતા

ચાર્જશીટ કરી નામદાર કોર્ટ મા રજુ કરેલ. આ કામના આરોપીને તેઓ ઓળખે છે જે નામદાર કોર્ટમા હાજર છે.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ સાત દિવસ લેટ આપેલી જેનો કોઇ લેખીત ખુલાસો આપેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીયાદીએ મૌખીક જણાવેલ કે તેઓ દવા સારવાર મા રોકાયેલા હતા, બનાવવાળી જગ્યા વાહનોની અવરજવરવાળી છે.

(૮) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરીયાદી તથા પોતાની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ ફરીયાદીએ તેમના પુરાવામા વાહનની ઝડપ વિશે કોઇ પુરાવો જણાવેલ નથી વધુમા સદર ગુનાવાળી જગ્યા કે જે જાહેર જગ્યા છે તેમજ ત્યાં સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી આવે પરંતુ સદર ગુનાના કામે કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ થયેલ નથી. તે ઉપરાંત ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે તેઓ બનાવવાળી જગ્યાએ ન હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી ફરીયાદપક્ષનો પુરાવો ગૌણ બની જાય છે.વધુમા આંક – ૦૯ ની ફરીયાદને સમર્થન મળતુ ન હોય ફરીયાદની હકીકતને માની શકાય નહી.

વધુમા ઈજા પામનાર સાહેદે તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓનુ એકસીડન્ટ થતા તેઓ બેભાન થઇ ગયેલ હતા જેથી તેઓ વાહન ચાલકને ઓળખી શકતા નથી અને ગાડીનો નંબર પણ યાદ નથી તેમજ સાહેદો કે ફરીયાદીએ બનાવ

નજરે જોયેલ નથી માત્ર અકસ્માતની વાતથી ફરીયાદ દાખલ કરેલ છે મોટર એકસીડન્ટના કેસમા ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌપ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવુ જોઇએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનુ ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષીત ઠરાવી શકાય નહી. વધુમા **નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચે ''સ્ટેટ ઓફ હરીયાણા વિરૂદ્ધ શેરસીંગ '' જે ૨૦૦૯ (૧) ક્રાઈમ્સ પાન નં. ૫ ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of decreased due to rash and negligent driving could no be sustained."**

(૯) આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતી તથા ચર્ચેલ ચુકાદા મુજબ તથા ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે આરોપીએ પોતાનુ વાહન બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે રેકર્ડ ઉપરન પુરાવો તથા બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો તથા ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા બી.એન.એસ.ની કલમ ૨૮૧ વાહન ચાલક બેદરકારી ભરી રીતે ચાલવી લઈ આવી મનુષ્ય જીવનને તે ભયમા મુકે અથવા તો કોઈ અન્ય

વ્યકિતને ઈજા કે નુકસાન કરે તે અંગેની છે. પરંતુ હાલના કેસમા કોઇ વ્યકિતને ઈજા થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી.

આ કામે આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૧૨૫(એ)(બી) તથા એમ.વી. એકટની કલમ ૧૮૪, ૧૮૧, ૧૭૭, ૩ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર કલમ ૧૮૪ અન્વયે એમ.વી.એકટની કલમ ૨૦૯ દોષીત ઠરાવવા ઉપર નિયંત્રણ ની આદેશાત્મક જોગવાઇઓનુ જયારે પાલન થયેલુ હોય ત્યારે જ કલમ ૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. એમ.વી.એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઇ ધ્યાને લેતા આરોપીને ઉપરોકત ગુના સબબ ગુનો થયા બાદ ચેતવણી આપવામા આવેલી હોય કે તપાસ પુર્ણ થયા બાદ તેઓની સામે ચાર્જશીટ કોર્ટમા દાખલ કરવામા આવશે અથવા તો ગુનો બન્યાના ૧૪ દિવસની અંદર સદર કલમ અન્વયેની નોટીસ ગુનો બન્યાનો પ્રકાર, સમય સ્થળ અને જે જગ્યાનો ગુનો બન્યો હોય તે તમામ વિગત જણાવતી નોટીસ આરોપીને અથવા તો જેના નામ ઉપર સંડોવાયેલ વાહન રજીસ્ટર મારફતે બજવણી કરવામા આવેલી હોવી જોઇએ. અથવા ગુનો બન્યાના ૨૮ દિવસની અંદર સદર ગુનાનો સમન્સની બજવણી આરોપીને કરવામા આવેલી કહોવી જોઇએ. હાલના કેસમા ઉપરોકત આદેશાત્મક જોગવાઇનુ પાલન થયેલ હોવાનુ જણાતુ ન હોય ત્યારે આરોપીને એમ.વી.એકટની કલમ ૧૮૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાનમા લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકરાત્મક ઠરાવી, આ કેસના

આખરી નિર્ણય માટે મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## :: આખરી હુકમ ::

૧) આ કામના આરોપી અરવિંદભાઇ પોપટભાઇ નાયકા, ઉ.વ. ૨૪, રહે. રાતી દાંતરડી ફળીયુ, સાંપા, ગોધરા, જિ. પંચમહાલ. બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબના ગુનામા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ અન્વયે રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ કરવા અને સરદહુ જામીન આ હુકમ થયેથી અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૦૪થી, માહે - જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૪/૦૬/૨૦૨૬

ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.
ગોધરા,જિ.પંચમહાલ.
કોડ નં.જી જે ૦૧૬૭૨

GUJARATI STENOGRAPHER GRADE 2
S. S. DAVE